| કાર્યપાલક ઈજનેર<br>સેન્ટ્રલ ઝોન | | સુરત મહાનગરપાલિકા<br>**સેન્ટ્રલ ઝોન,નવુ વહીવટી ભવન**<br>મુગલીસરા મેઈન રોડ, સુરત. Ext.૨૦૫<br>કન્ટ્રોલ રૂમ : ટે.નં.૨૪૨૦૫૪૭ ફેકસ : ૨૪૨૦૫૪૮ |
|---|---|---|

પ્રતિ,

...........................

...........................

............................

............................

વિષયઃ– સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૭ નોંધ નં. ૭, ટ્રેડ હાઉસ મ્યુ. શોપિંગની સેન્ટરના બિલ્ડીગની બીજા માળને ઉતારી પાડી લઈ જવાના કામ બાબત. ( બીજો પ્રયાસ )

સંદર્ભઃ– (૧) માસિક સાધારણ સભા ઠરાવ નં. ૧૮૮/૨૦૨૩, તા.૨૯/૦૫/૨૦૨૩ ના મંજુર ભાવે અને શરતે.

(૨) મા.એડી.સીટી ઈજનેરશ્રીની તા.૨૮/૦૮/૨૦૨૩ ની મંજુરી.

મહાશય,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૭ નોંધ નં. ૭, ટ્રેડ હાઉસ મ્યુ. શોપિંગની સેન્ટરના બિલ્ડીગની બીજા માળને ઉતારી પાડી લઈ જવાના કામે માસિક સાધારણ સભા ઠરાવ નં. ૧૮૮/૨૦૨૩, તા.૨૯/૦૫/૨૦૨૩ થી મંજુર થયેલ ભાવો અને શરતો મુજબ અંદાજીત રકમ રૂ.૧,૮૭,૫૧૨–૦૦ પૈ. ની રકમનું ઉકત વિષય મુજબની કામગીરી કરાવવાનું કામ મંજુર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી રૂ.૧,૮૭,૫૧૨–૦૦ પૈ.ની મયાર્દામાં માસિક સાધારણ સભા ઠરાવ નં. ૧૮૮/૨૦૨૩, તા.૨૯/૦૫/૨૦૨૩ થી મંજુર થયેલ ભાવે અને શરતે કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખિત સંમતિ તેમજ નીચે જણાવેલ ડોકયુમેન્ટ બંધ કવરમાં તા.૧૩/૧૨/૨૦૨૩ સુધીમાં સેન્ટ્રલ ઝોન ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઇ બંધ કવર સ્વીકારવામાં આવશે નહી.

:– શ ર તો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગર પાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૨,૦૦૦.૦૦/– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે સરકારી અર્ધસરકારી સંસ્થામાં પૂર્ણ કરેલ કામના/ અનુભવના પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે. કરેલ કામોની વિગત તેની કિંમત સહિત તેમજ કરેલ કામના પ્રમાણપત્ર તેમજ અન્ય તમામ જરૂરી પત્રક સેલફ સર્ટીફાઈડ /ટ્રુ કોપી રજુ કરવાના રહેશે

૩. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૫. **ઈજારદારે આ સાથે સામેલ ટેકનીકલ બીડની શરતો ને બંધનકર્તા રહેશે.(હાર્ડ કોપીમાં સહી કરી રજુ કરવાની રહશે.)**

૬. કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગર પાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં.

૭. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

E: /RB/ONLINE TENDER QUATATION/2023/1

સ.ર. એકઝી. આસી.શ્રી(આઈ.એસ.ડી.) પ્રતિ,

સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૭ નોંધ નં. ૭, ટ્રેડ હાઉસ મ્યુ. શોપિંગની સેન્ટરના બિલ્ડીંગની બીજા માળને ઉતારી પાડી લઈ જવાના કામે ( બીજો પ્રયાસ ) સંમતિ પત્રક મંગાવવામાં આવેલ છે. જેને સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાનું હોય, આ પત્ર અપલોડ કરવા ઘટતું થવા વિનંતી.

| | | |
|---|---|---|
| કામનું નામ | :– | સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૭ નોંધ નં. ૭, ટ્રેડ હાઉસ મ્યુ. શોપિંગની સેન્ટરના બિલ્ડીંગની બીજા માળને ઉતારી પાડી લઈ જવાનું કામ. ( બીજો પ્રયાસ ) |
| શરૂઆતની તારીખ | :– | તા.૦૫/૧૨/૨૦૨૩ ના સાંજે ૫.૦૦ કલાક થી |
| અંતિમ તારીખ | :– | તા.૧૩/૧૨/૨૦૨૩ ના સાંજે ૫.૦૦ કલાક થી |

નં. સી.ઝેડ/એન્જી./આઉટ/૪૨૬૪
તા. ૦૪/૧૨/૨૦૨૩

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા


સ.ર. એકઝી. આસી.શ્રી(આઈ.એસ.ડી.) પ્રતિ,

સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૭ નોંધ નં. ૭, ટ્રેડ હાઉસ મ્યુ. શોપિંગની સેન્ટરના બિલ્ડીંગની બીજા માળને ઉતારી પાડી લઈ જવાના કામે ( બીજો પ્રયાસ ) સંમતિ પત્રક મંગાવવામાં આવેલ છે. જેને સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાનું હોય, આ પત્ર અપલોડ કરવા ઘટતું થવા વિનંતી.

| | | |
|---|---|---|
| કામનું નામ | :– | સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૭ નોંધ નં. ૭, ટ્રેડ હાઉસ મ્યુ. શોપિંગની સેન્ટરના બિલ્ડીંગની બીજા માળને ઉતારી પાડી લઈ જવાનું કામ. ( બીજો પ્રયાસ ) |
| શરૂઆતની તારીખ | :– | તા.૦૫/૧૨/૨૦૨૩ ના સાંજે ૫.૦૦ કલાક થી |
| અંતિમ તારીખ | :– | તા.૧૩/૧૨/૨૦૨૩ ના સાંજે ૫.૦૦ કલાક થી |

નં. સી.ઝેડ/એન્જી./આઉટ/૪૨૬૪
તા. ૦૪/૧૨/૨૦૨૩

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા
# સેન્ટ્રલ ઝોન

## -: ટેકનીકલ બીડ :-

**કોન્ટ્રાકટરને અગત્યની સુચના :-**

૧. આ ટેન્ડર ડોકયુમેન્ટના દરેક પાના ઉપર સુચિત કરેલ જગ્યામાં ટેન્ડરરે પોતાના સહી-સિકકા કરીને તમામ કાગળો-ટેન્ડર નોટીસમાં દર્શાવેલ અનામતની રકમ સાથે મ્યુ.તિજોરીમાં ભરપાઇ કરીને રજુ કરવાનું રહેશે. કોઇપણ ટેન્ડરની શરતનાં કાગળો તથા અન્ય કાગળો કાઢી લેવાના નથી જો તેમ કરવામાં આવશે તો તેને ઇરાદાપૂર્વકની ગેરરીતી ગણીને ટેન્ડર રદ બાતલ કરવામા આવશે તથા અનામત રકમ જપ્ત કરવામાં આવશે.

૨. શરતી ટેન્ડર રદ થવાને પાત્ર રહેશે.

૩. અર્નેસ્ટમનીની રકમ ફકત કમિશ્નરશ્રી, સુરત મહાનગર પાલિકા ના નામના પે-ઓર્ડર અથવા ડીમાન્ડ ડ્રાફટથી જ સ્વીકારવામાં આવશે.

૪. ટેન્ડરમાં અન્યત્ર જણાવ્યા મુજબની વિગતો ટેન્ડર સાથે અચૂક સામેલ રાખવા. આ વિગતો વગરનાં ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહી.

(અ) સરકારી/અર્ધસરકારી સંસ્થામાં કરેલ કામના પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

(બ) કરેલા કામોની વિગત તેની કિમત સાથે.

**(ક)** કરેલ કામના પ્રમાણપત્ર તેમજ અન્ય તમામ જરૂરી પત્રક સેલફ સર્ટીફાઈડ /ટ્રુ કોપી રજુ કરવાના રહેશે.

ઉપરોકત સર્વે સુચના મે વાંચી છે અને તે જાણમાં લીધી છે.

**ઇજારદારની સહી અને સીકકો :-**

કાર્યપાલક ઇજનેર
**સેન્ટ્રલ ઝોન**
સુરત મહાનગરપાલિકા.

**સુરત મહાનગરપાલિકા**
**સેન્ટ્રલ ઝોન**
-: ટેકનીકલ બીડ :-

**અર્નેસ્ટમની ડીપોઝીટ પરત કરવા અંગેના હાલના નિયમો :-**

૧. અનેસ્ટમની ડીપોઝીટ ૧૨૦ દિવસ પહેલા પરત માંગી શકાશે નહી.

૨. ટેન્ડરો મળ્યા બાદ બધા જ કોન્ટ્રાકટરની ડીપોઝીટ /અર્નેસ્ટમની ડીપોઝીટ જયાં સુધી ટેન્ડરો અંગે સક્ષમ સત્તાની મંજુરી મળે નહી ત્યાં સુધી જમા રાખવામાં આવશે.

૩. પ્રથમ નંબરના (કામ મળનાર) કોન્ટ્રાકટરનું ટેન્ડર મંજુર થયેથી અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ સીકયુરીટી ડીપોઝીટ તરીકે જમા કરી લેવામાં આવશે.

૪. સ્થળ પર કામગીરી પુરી થયેથી એક માસના સમયગાળા પછી ડીપોઝીટની રકમ છુટી કરવામાં આવશે.

૫. પ્રથમ નંબરના (કામ મળનાર) કોન્ટ્રાકટર ઓફરના નાણાં ભરીયેથી અન્ય ટેન્ડરરની અર્નેસ્ટ મની છુટી કરવામાં આવશે. જયારે પણ અર્નેસ્ટમની રીફંડ મેળવવા અન્ય ટેન્ડરર અરજી કરે ત્યારે પોતાનું નામ, પુરૂ સરનામુ કયા કામ માટે ડીપોઝીટ ભરેલી તેની વિગત ભરેલી રકમ, રસીદ નંબર અને તારીખ વિગેરે જણાવવાનું રહેશે.

૬. ઉપરોકત નિયમો વિરૂધ્ધ કોઇ શરતો અર્નેસ્ટમની ડીપોઝીટ બાબત મુકવામાં આવશે, તો તે રદ ગણવામાં આવશે અને તેને ધ્યાને લેવામાં આવશે નહી તેની નોંધ લેવી.

કાર્યપાલક ઇજનેર
**સેન્ટ્રલ ઝોન**
સુરત મહાનગરપાલિકા.

**કોન્ટ્રાકટરની સહી :-**

## સુરત મહાનગરપાલિકા
## સેન્ટ્રલ ઝોન

**શરતોઃ-**

૧. ઇજારદારે તોડવા માટેના ઇમારતનું રૂબરૂ સ્થળ નિરીક્ષણ કરી કાટમાલમાં આવતી જુદી-જુદી આઇટમોનો જથ્થો ગુણવત્તા તથા અન્ય બીજી બાબતોની જાત અનુભવ કર્યા પછી ટેન્ડર ભરવાનું રહેશે. આ અંગે પાછળથી કોઇપણ જાતની કાર્યવાહી કે તકરાર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૨. ઇજારદારનું ટેન્ડર સ્વીકારવાનો પત્ર મળ્યેથી ઇજારદારે ટેન્ડરમાં જણાવેલ ઓફરનાં નાણાં તેમજ સરકારશ્રીના નિયમ મુજબના જરૂરી ટેક્ષના નાણાં અત્રેની સુચના મુજબ ચોકકસ સમય મર્યાદામાં સુરત મહાનગરપાલિકાના હિસાબી ખાતામાં જમા કરાવવાની રહેશે. અને તે અંગેની નાણા ભર્યાની રસીદ રજુ કર્યા બાદ તોડફોડ કરવાનો (ઉતારવાનો) હુકમ આપવામાં આવશે.

૩. ઇજારદારે વર્ક ઓર્ડર મળ્યે ટેન્ડરમાં જણાવેલ ઓફરના નાણાં દિન-૧૦ માં અત્રેની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકાના હિસાબી ખાતામાં જમા કરાવવાની રહેશે. તે અંગેની રસીદ રજુ કર્યા બાદ જ હયાત ઇમારત ઉતારવાનો હુકમ આપવામાં આવશે. જો ઇજારદાર તેમ કરવાનું ચૂકશે તો ટેન્ડર આપો આપ રદબાતલ ગણવામાં આવશે અને ઇજારદારે ભરેલ બાનાની રકમ જપ્ત કરવામાં આવશે. કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ થયાના એક માસ બાદ સીકયોરીટી ડિપોઝીટની રકમ છુટી કરવામાં આવશે.

૪. હયાત મિલ્કત તોડતા આજુબાજુના વિસ્તારમાં રહેતા માણસોને, મિલ્કતોને કે અન્ય બીજી વસ્તુઓને નુકશાન કે હેરાનગતિ ન થાય તેની ઇજારદારે તકેદારી રાખવાની રહેશે. અને તેમ છતા જો કોઇ મુશ્કેલી, નુકશાન કે નડતરરૂપ વિગેરે થાય તો તેની જવાબદારી ઇજારદારની રહેશે. આ અંગે કોઇ પણ જાતની જવાબદારી મહાનગર પાલિકાની રહેશે નહી.

૫. હયાત ઇમારત તોડી તેને જમીનદોસ્ત કરી જગ્યા સાફ-સફાઇ, ચોખ્ખી કરી હયાત રસ્તા લેવલે સમતલ કરી આપવાની રહેશે. તેમજ તેમ કર્યા અંગેની લેખિતમાં જાણ અત્રેની કચેરીએ કરવાની રહેશે.

૬. જરૂરી એવા વેચાણવેરો તથા અન્ય કોઇપણ પ્રકારના રાજય/કેન્દ્રીયસરકારનાં તથા સુરત મહાનગરપાલિકાના વેરાઓ ભરવાની જવાબદારી ઇજારદારની પોતાની રહેશે. તે માટે મહાનગરપાલિકા જવાબદાર નથી.

૭. હયાત ઇમારત તોડતા કે ઉતારતા માણસોને કોઇપણ જાતની શારિરીક ઇજાઓ ન પહોંચે કે ઉતારતા માણસનું મુત્યુ ન થાય કે અન્ય બીજુ નુકશાન ન થાય તેની તકેદારી ઇજારદારે રાખવાની રહેશે. તેમ છતાં જો આ અંગે કોઇપણ બનાવ બને તો તેની તમામ જવાબદારી ઇજારદારની રહેશે અને તે અંગેનો સંપૂર્ણ ખર્ચ/વળતર ઇજારદારે ચુકવવાનું રહેશે.

૮. આ કામ ની સમય મર્યાદા વર્ક ઓર્ડર ની તારીખથી દિન-૧૫ (પંદર) બાદ ૦૮ (આઠ) માસની રહશે. જો તેમ કરવામાં ઇજારદાર કસુર કરશે તો ઓફર રકમના ૦.૨% લેખે પ્રતિદિન પેનલ્ટી (મહત્તમ ૧૦.૦૦% )વસુલ કરવામાં આવશે.

૯. હયાત ઇમારત તોડવા અંગેની સાઇટ ઉપર તમામ જરૂરી એવી કે અન્ય કોઇ સુવિધાઓ કે જરૂરીયાત ઇજારદારે પોતે કરવાની રહેશે.

**૧૦.** ટેન્ડરમાં ભાવ/રકમ આંકડામાં તથા શબ્દમાં ભરવાની રહેશે. તેમજ જયાં જયાં છેકછાક કરી હોય ત્યાં ઇજારદારે ટુંકી સહી કરવાની રહેશે.

**૧૧.** ટેન્ડરની શરતમાં કોઇ ફેરફાર કરશે અથવા પોતાના લેટરપેડ પર કોઇપણ વધારાની શરતો રજુ કરશે તો તે મહાનગરપાલિકા ધ્યાનમાં લેશે નહી કે તેમ કરવા મહાનગરપાલિકા ફરજ પાડી શકશે નહી. આવી શરતો મહાનગરપાલિકાને કોઇ પણ સંજોગોમાં બંધનકર્તા રહેશે નહી.

**૧૨.** ઇજારદારે કોઇપણ પત્રકો, શરતોના કાગળો કાઢી લેવાના નથી, જો તેમ કરવામા આવશે તો તેને ઇરાદા પૂર્વક ગેરરીતી ગણી તેમની સામે મહાનગર પાલિકા કાયદેસરની કાર્યવાહી કરશે તથા અનામતની રકમ જપ્ત કરશે.

**૧૩.** ભાવપત્રકમાં ભરેલા ભાવ/ રકમ સ્વીકારવા માટે, ભાવપત્રક ખુલ્યાની તારીખથી ૧૨૦ (એકસો વીસ) દિવસ સુધી ગણાશે. ઉપરોકત જણાવેલ ૧૨૦ દિવસની સમય મર્યાદા સુધીમાં ટેન્ડરર પોતાના ટેન્ડરમાં કોઇપણ જાતનો સુધારો ઘટાડો કરી શકશે નહી.

**૧૪.** રોકડમાં ભરવામાં આવેલ બાનાની/સીકયોરીટી અનામત પર કોઇપણ સંજોગોમા વ્યાજ આપવામાં આવશે નહી.

**૧૫.** ઇજારદારે મિલ્કત સંપૂર્ણ ઉતારી, જમીનદોસ્ત કરી સાફ-સફાઇ ચોખ્ખી કરી, જમીનનાં હયાત રસ્તાના લેવલે સમતલ કરી આપવાની રહેશે.

**કાર્યપાલક ઇજનેર**
**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા.**

ઉપરોકત તમામ શરતો મે વાંચી, સમજી, વિચારીને જાણમાં લીધી છે. તે અને તે સર્વે શરતો મને બંધનકર્તા રહેશે.

**ઇજારદારની સહી :-**

**સરનામુ :-**

શરતો:-

૧. સદર ઇમારતમાં બીલ્ડીગ મટીરીયલ્સ જે હાલતમાં છે તે મુજબ જાણવા.

૨. સદર મિલ્કતને સંપૂર્ણ જમીન દોસ્ત કરવાનું રહેશે તેમજ બધુ જ છારૂ ઉપાડી સાઇટ ઇજનેરશ્રીના સર્ટીફીકેશન સાથે સાઇટ ચોખ્ખી કરી આપવાની રહેશે.

૩. હયાત ઇમારત જમીનદોસ્ત કરી બધો જ માલસામાન લઇ જવાની આખરી ઓફર જ ધ્યાનમાં લેવામાં આવશે. બધોજ કાટમાલ તથા છારૂ ઇજારદારે પોતે ઉપાડી યોગ્ય તે જગ્યાએ સ્થળાંતર કરી જમીન હયાત રસ્તા લેવલે સમતલ લેવલ કરી આપવાની રહેશે અને તે મુજબ ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે આઇટમ મુજબનાં આપવામાં આવેલ ભાવો ગણતરીમાં લેવામાં આવશે નહી અને તેવા ઇજારદારનું આવેલ ટેન્ડર કોઇપણ જાતના જાણ કર્યા વગર રદ થવાને પાત્ર ઠરશે.

કાર્યપાલક ઇજનેર
**સેન્ટ્રલ ઝોન**
સુરત મહાનગરપાલિકા.

**ઇજારદારની સહી :-**

**સરનામુ :-**

## સુરત મહાનગરપાલિકા

## સેન્ટ્રલ ઝોન

**કામનું નામ:-** સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૭ નોંધ નં. ૭, ટ્રેડ હાઉસ મ્યુ. શોપિંગની સેન્ટરના બિલ્ડીંગના બીજા માળને ઊતારી પાડી લઈ જવાનું કામ.

| ઈજારદારના સહી સિકકા સાથે ફોટા |
|---|

**ઇજારદારનું નામ :-**

**સરનામુ :-**

| | | | |
|---|---|---|---|
| પાર્ટનરશીપ એજન્સી | માટે દરેક પાર્ટનરનાં | ફોટા સહી સાથે | અહી ચોંટાડવા |

| પાર્ટનરના સહીના નમુના | સરનામું: |
|---|---|
| ૧. | |
| ૨. | |
| ૩. | |
| ૪. | |

**નોંધ:-** પાર્ટનરશીપ એજન્સી માટે રજીસ્ટર કરાવેલ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ જોડવો ફરજીયાત છે.

કાર્યપાલક ઇજનેર
**સેન્ટ્રલ ઝોન**
સુરત મહાનગરપાલિકા.

## સુરત મહાનગરપાલિકા

## સેન્ટ્રલ ઝોન

હું નીચે સહી કરનાર શ્રી ..................................................................... જણાવું છુ કે ઉપરોક્ત વિષયમાં જણાવેલ સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૭ નોંધ નં. ૭, ટ્રેડ હાઉસ મ્યુ. શોપિંગની સેન્ટરના બિલ્ડીગના બીજા માળનું સ્થળ નિરિક્ષણ દરમ્યાન જોયેલ છે તથા આજુબાજુની મિલ્કત, રાહદારીઓ અને સ્થળ પર કામદારોની સલામતી ધ્યાને લઇ મિલ્કત ઉતારી મારા પોતાના જોખમે અને ખર્ચે લઇ જવા માટે સંમતિ આપુ છું. અને તે માટે સુરત મહાનગરપાલિકાને હું રૂા....................................... અંકે રૂપિયા (શબ્દમાં) ............................................................................... આપવા સંમત છું.

ઉપરોક્ત ટેન્ડર માટે સુરત મહાનગરપાલિકાની શરતો અને નિયમો મને બંધનકર્તા રહેશે.

**ઇજારદારની સહી અને સીક્કો :-**

**કાર્યપાલક ઇજનેર**
**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા.**

# Surat Municipal Corporation

## Central Zone

| Name of work : | Demolition work of 2nd floor of Tread House Shopping Center at Ward No.7, Nondh No.7, Central zone, Surat. |
|---|---|

| Sr. No. | Name of Work | Time Period | Scrap Value | Contractor Amount In Rs. | Amount In Words |
|---|---|---|---|---|---|
| 1 | Demolition work of 2nd floor of Tread House Shopping Center at Ward No.7, Nondh No.7, Central zone, Surat.(2nd Attempt) | 08 Month | 1,87,512.00 | | |

Executive Engineer
Central Zone
Surat Municipal Corporation

***Signature of the Contractor :***